સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ધર્મ-સમાજના દબાણે ના-લાયકો આંતરી ગ્યા!
જ્ઞાતિની કાતરે સાચા સેવકોને વેતરી ગયા!
થશે મંત્રી ને આ કાર્યકરો થશે એના જ સંત્રી -
જોતરી રાખ્યા મજૂરીમાં, ને અંતે છેતરી ગયા!
(બંને પક્ષના કાર્યકરોનો બળાપો)

આવ્યો ઊભરો -
ઉકળ્યું ને બફાયું -
અંતે કપાયા!

ચૂંટણી પ્હેલાં -
દોડાવ્યા ને પંપાળ્યા -
બનાવ્યા મૂર્ખ!!

(બંને પક્ષમાં રમાઈ રાજરમત)

હાઈકુ

ચિંતન

આત્મરતિઃ ।

ઉપરોક્ત સૂત્ર નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

આ જ્ઞાની આત્મા સાથે રમે છે, આત્મા સાથે આનંદ કરે છે, અહીં પણ આત્માનો અર્થ વિશ્વરુપ આત્મામાં તે રમે છે.

બ્રહ્મજ્ઞાનીઓમાં જે શ્રેષ્ઠ જ્ઞાની હોય છે તેના વ્યવહારો આવા હોય છે. આ લોકો બધાથી અધિક કર્તવ્યકર્મ કરે છે. તેઓ નિષ્ક્રિય ક્યારેય નથી હોતા. તે સર્વાત્મભાવ ધારણ કરે છે. અને જે કર્મ તેઓ કરે છે તેનાથી તેઓ સર્વાત્મભાવ ધારણ કરે છે અને જે કર્મ કરે છે તે કર્મ એના આત્માની સાથે જ થતા રહે છે.

વળી તેઓ વ્યવહારમાં સત્યનું પાલન કરતા તેને ગમે તેટલો લાભ થતો હોય તો પણ અસત્ય વ્યવહાર કરતા નથી.

સુવિચાર

- જે વિદ્વાન હોય અને સરળ હોય તેને મળો, જે વિદ્વાન હોય પરંતુ દુષ્ટ હોય, તો તેમનાથી સાવચેત રહો, જે મૂર્ખ હોય અને સરળ હોય તેના પર દયાભાવ રાખો અને જે દુષ્ટ હોય તેનાથી હંમેશા દૂર રહો - **જનકલ્યાણ**
- ખુદને જાણ્યા વગર જગતને જાણવાનો દાવો કરવો એ સૌથી મોટી ભૂલ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મનનું દુઃખ બીજાના મનના દુઃખથી શમશે ? માણસ એવું જ કરે છે દુઃખને દુઃખી કરે ને પોતાનું દુઃખ ઓછું કરવા માગે છે - **જૈનેન્દ્ર કુમાર**
- મનુષ્ય પોતાની શ્રેષ્ઠતા આંતરિક રુપથી પ્રકટ કરે છે, પશુ બાહ્યરૂપથી - **રશિયન કહેવત**
- જો તમે સદૈવ લંગડા સાથે રહેશો તો તમે પોતે પણ લંગડાતા થઈ જશો - **લેટિન કહેવત**
- મનુષ્યના કેવળ ત્રણ જ વર્ગ થઈ શકે છે, વિપરિત ગામી, સ્થિર અને અગ્રગામી - **ટી. લૈવટોર**
- આજનું ઔષધ : ગર્ભવતી બહેનોએ જેઠી મધ અને શીમળાના ફૂલ દૂધમાં ઉકાળી ગાળીને નિયમિત પીવાથી બાળકનો વિકાસ સારો થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

રાજાએ વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો એટલે એમણે એમના વારસદાર રાજકુંવરને રાજયનો ભાર સોંપીને સંન્યાસ લેવાની તૈયારી કરી. રાજકુંવરે પિતાને આળું કરવાનું કારણ પૂછ્યું ત્યારે રાજાએ કહ્યું, 'હવે મારે જીવનનો બાકીનો સમય આત્મકલ્યાણ માટે વિતાવવો જોઈએ.' કુંવરે પ્રશ્ન કર્યો. 'પિતાજી ! આપ આત્મકલ્યાણ માટે જશો તો હું તો બંધનમાં બંધાઈ જઈશ. હું પણ આપની સાથે આવવા માંગુ છું.'

રાજાએ કુંવર ને સમજાવતાં કહ્યું, 'હું ગૃહસ્થાશ્રમ ધર્મનું પાલન કરતાં પોતાની ચોથી વયમાં પ્રવેશ કરી રહ્યો છું. પણ તારે માટે એ જ યોગ્ય કલ્યાણ શોધ. વળી યોગ અને તપશ્ચર્યા માટે ઈન્દ્રિયો પર વિજય મેળવવો જરૂરી છે. દમન કરેલી ઈન્દ્રિયો વધુ જાગૃત તથા બળવાન થઈ જાય છે. તેનાથી સાધક ગમે ત્યારે પથભ્રષ્ટ થઈ જાય છે. તું હજી યુવાન છે લગ્ન કરીને ગૃહસ્થ ધર્મનું પાલન કરે અને તે પછી પોતાના પરિવાર સહિત સમગ્ત રાજયની જવાબદારીનું પાલન કર. ત્યાર પછી જ તારા વાનપ્રસ્થનો સમય થશે, યોગ્ય સમયે કરેલો પુરુષાર્થ યોગ્ય ફળ પ્રાપ્ત કરાવે છે.'

રાજકુંવરને પોતાની જવાબદારીનું ભાન થયું અને તેણે પિતાની આજ્ઞાનું પાલન કરતાં ગૃહસ્થ ધર્મ અને રાજધર્મનું પાલન કર્યું.

કોંગ્રેસની અણઘડ ટિકિટ વહેંચણી ભાજપના ફાયદામાં

તંત્રીસ્થાનેથી...

હવે જયારે તમામ ૧૮૨ બેઠકો માટે બેઉ મુખ્ય પક્ષોએ પોતપોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે ત્યારે જે ચિત્ર ઊપસે છે તે ઘઉં ધૂંધળું છે. ભાજપને પોતાના ઘણા અણગમતા ધારાસભ્યોને રિપીટ કરવા પડ્યા છે તો સામે પક્ષે કોંગ્રેસને યુવા આંદોલનકારીઓને સાચવી લેવા માટે ઘણા અણગમતાં સમાધાન કરવા પડ્યાં છે. સવિશેષ ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસ માટે જયાં સારી તકો ગણાતી હતી ત્યાં તદ્દન નવા, આયાતી અને બહારના ઉમેદવારોને આ કે તે આંદોલનકારી નેતાના દબાણ હેઠળ ટિકિટો ફાળવવી પડી છે એથી કોંગ્રેસના પાયાના કાર્યકરોમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે. ઘણા નિષ્ઠાવાન કાર્યકરોને પ્રજા સમક્ષ ભોંઠપ અનુભવવી પડે એવી સ્થિતિ સરજાઈ છે. પોતાની કામગીરીનો આવો બદલો મળશે એવું એમણે સ્વપ્ને પણ નહીં ધાર્યું હોય. અમુક કાર્યકરોને એમની મૂળ બેઠક છોડી બીજી જગ્યાએ ઉમેદવારી કરવા ફરજ પડાઈ છે. આથી ઈડર જેવી બેઠક કે જયાંથી ભારતીય જનતા પાર્ટી છેલ્લા ઘણા વર્ષોથી સતત જીતતી રહી છે ત્યાં વડગામ સલામત બેઠક છોડી મૂળ સાબરકાંઠાના વતની મણિલાલ વાઘેલાને ઉમેદવારી કરવી પડી છે. વડગામની સલામત ગણાતી બેઠક આંદોલનકારી નેતા જિગ્નેશ મેવાણી માટે છોડવી પડી છે એટલું જ નહીં, જિગ્નેશ મેવાણી પાછઆ એ બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે લડવાના છે. કોંગ્રેસનું નિશાન સ્વીકારવાની તૈયારી નથી; હા, એના ખભે ચડીને બંદૂર જરૂર ફોડવી છે. કોંગ્રેસના ધુરંધર નેતાઓ પૈકી ખુદ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી ચૂંટણી લડતા નથી. કોંગ્રેસના પ્રવક્તા અગ્રણીઓને ટિકિટથી વંચિત રખાયા છે. મહિલાઓની મહદંશે બેઉ પક્ષોએ બાદબાકી કરી દીધી છે. ભારતીય જનતા પાર્ટીએ એની હિંદુત્વવાદી પાર્ટી તરીકેની ઈમેજ ઊપસાવવાના ઈરાદાથી એક પણ મુસ્લિમ ઉમેદવાર ઊભો નથી રાખ્યો તો વળી પાટીદાર ઉમેદવારોની સંખ્યા જોતાં પણ કોંગ્રેસ કરતાં વધુ પાટીદારો ભાજપની યાદીમાં છે. ઓબીસીનું અવગણવાનું ભાજપને પોસાય એમ નથી, એટલે એણે કોંગ્રેસની સરખામણીમાં છે થોડાક જ ઓછા ઓબીસી ઉમેદવારો પર મહોર તો મારી દીધી છે પણ પાટીદાર વોટ બેંક સાચવવાની ધખનામાં શાસક પાર્ટીના સ્ટાર પ્રચારક અને દેશના વડાપ્રધાન એમના હોદ્દાની ગરિમાથી ઘણા નીચે ઉતરીને પાટીદાર મુખ્યમંત્રીઓને કોંગ્રેસે હરહંમેશ દુઃખી કર્યા હોવાનું જાહેરમાં નિવેદન કરી દીધું છે ! એમણે પટેલ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈને હટાવી માધવસિંહ સોલંકી જેવા ઓબીસી નેતાને કોંગ્રેસ પાર્ટીએ મુખ્યમંત્રી બનાવી દીધા હોવાનું કહી ખુદ પોતાની ઓબીસી વોટબેંકને આંચકો આપ્યો હોય એમ નથી લાગતું ? પાટીદાર વોટ બેંક સાચવી લેવા માટે એમણે ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલને તથા છેલ્લે આનંદીબેનને પણ કોંગ્રેસે હેરાન પરેશાન કરી દીધા હોવાની વાત કરી છે જેમાં કેટલું તથ્ય છે તે પ્રજા તો જાણતી જ હોય ! ચીમનભાઈ પટેલને કોંગ્રેસે જ ટેકો આપી મુખ્યમંત્રી તરીકે ચાલુ રાખેલા તે કેમ ભૂલી શકાશે ? વળી કેશુભાઈ પટેલને ઘર ભેગા કરવામાં વિશેષ ફાળો તો ખુદ વર્તમાન વડાપ્રધાનનો હતો એ શીદ ભુલાશે ? આનંદીબેન પટેલને સત્તા છોડવી પડી તેમાં કોંગ્રેસ કઈ રીતે જવાબદાર ગણાય ? વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ધાર્યું હોય તો તેઓ આનંદીબેન પટેલના વિકલ્પે એમની પસંદગીના નીતિનભાઈ પટેલને મુખ્યમંત્રી બનાવી શક્યા હોત. આવાં વાહિયાત નિવેદનોથી પાટીદાર વોટબેંકને થોડી જ પાછી વાળી શકાશે ? ભાજપ માટે ચૂંટણી જીતવાની અને સત્તા ટકાવી રાખવાની તક હોય તો તે પણ કદાચ કોંગ્રેસની ભૂલભરેલી અને અણઘડ ટિકિટ વહેંચણીને કારણે સર્જાશે, એમ કહેવામાં ભાગ્યે જ અતિશયોક્તિ લેખાશે.

શું ગામડાના લોકો માણસ નથી, તેમનામાં માનવતા ન હોય...

નવાં કલેવર
નટવર હેડાઉ

ઉંટગાડી ને રોડની એક તરફ લઈ તેણે લીંમડાને છાંયે ઊંટને ખોલીને બેસાડી દીધો. નિર્બળ થઈ ગયેલો ઊંટ જમીન પર લાંબો થઈ પડ્યો. બેહોશી જેવી હાલતમાં ધરતી પર ફેલાયેલી તેની ગરદન વધુ લાંબી લાગવા લાગી.

ઊંટગાડીવાળો ગાડી નીચે ભરાવેલ ડોલ લઈ પાણી લેવા ગયો. પાછા ફરીને જોયું તો ઉંટ સ્થિર પડ્યો હતો. ડૉલ તેના મોં પાસે રાખીને ઊંટગાડીવાને તેને બુમ પાડી. 'નંદી ઊઠ, પાણી પી લે' તેણે નારીયેળની કાચલીમાં પાણી ભરી મોંમાં રેડ્યું. પાણીની ઠંડકથી તેનામાં ચેતન આવ્યું ! કાચલીને ચાટવા લાગ્યો. બે ત્રણ ઘુંટડાં પાણી પી ફરી તે બેભાનની જેમ ઢળી પડ્યો.

ઊંટગાડીવાળો તેની નજીક બેસી ગયો. ફાળીયું ઉતારીને જમીન પર મૂક્યું અને બે હાથો વડે ઊંટની ગરદનને સહેલાવવા લાગ્યો. 'નંદી જો મને છોડીને ના જતો ભાઈ, હું પછી શું કરીશ. આંખો ખોલ, હજુ થોડું પાણી પી લે, નંદી' પણ નંદી જરાય હલ્યો નહીં.

લીમડાની છાંયામાં આકુળવ્યાકુળ બેચેન ઊંટલારીવાળાએ ત્યાં જ ત્રણ દિવસ પસાર કરી દીધા. તેના પેટ, પીઠ અને ગરદનને સહેલાવતાં સહેલાવતા કોણ જાણે કેટલોય પ્રલાભ કરતો રહ્યો. તેને ખબર પડી ગઈ હતી કે નંદી ખુબ જ બિમાર છે. ડોલ ભરીને પાણીમાં દવા ઘોળી ને તેનાં મોંમાં પીવડાવતો રહ્યો. થોડી થોડી વારે તેને 'નંદી મોંમાં પીવડાવતો રહ્યો.'

થોડી થોડી વારે તેને 'નંદી... બેટા... તને શું થાય છે. નંદી... નદી...' ઘડીકમાં તે પોતાની છાતી મસળતો તો ઘડીકમાં માથે હાથ દઈને ઉદાસ થઈ બેસી જતો.

રસ્તે પસાર થતાં લોકો તેને જોઈને બબડતાં કેવો બુદ્ધુ છે... કોઈ કહેતાં ગાંડો છે, સાવ મરવા પડેલા ઊંટની પાછળ લાગી પડ્યો છે. આટલી સેવા કોઈ ઠુંઠની કરત તો તે ફળ આપવા લાગ્યું હોત.

સાલ્લો સાવ ગામડીઓ છે. ચોખ્ખાઈની એને શું ખબર પડે ? શહેરમાં સ્વચ્છતા અભિયાન ચાલે છે અને આણે કેટલી ગંદકી કરી મુકી છે. એનું કામ તમામ થઈ જતી ઠીને હાલતો થઈ જશે. પછી સાફ સફાઈ કરાવતા રહે. ખરેખર આ લોકો આવા ગંદા જ રહેવાના. તેમાં વળી ઊંટ મરી ગયો તો બીજી આફત.

પોલીસને જાણ કરી દીધી છે. તે આવી ને ધમકાવશે ત્યારે જ સીધો થશે.

સોસાયટીવાળાઓની ફરિયાદ ને કારણે પોલીસવાળા પણ આવીને ધમકાવી ગયા. પણ ઊંટગાડી વાળો જાણે કે બહેરો થઈ ગયો હતો. તેને પોતાના ઊંટ સિવાય કંઈ સૂઝતું ન હતું. ધીરજપૂર્વક તે તેની સેવામાં લાગેલો હતો. ચોથા દિવસે ઊંટની આંખમાં જરા ચમક દેખાઈ, ઊંટગાડીવાળો નંદીને પાણી પીવડાવવાની કોશિષ કરવા લાગ્યો, 'પી, લે નંદી... પીલે... ચોખ્ખું છે. તેમાં મેં ડૉકટરે આપેલી દવા નાંખી છે. તું સાજો થઈ જઈશ. બેટા નંદી... ભાઈ તું જ મારું નસીબ ને તું જ મારો સહારો છે.' ભાવનો ઊભરો અને અવાજની આદ્રતાને જાણે નંદી પારખી ગયો. ધીરે ધીરે બે ત્રણ ઘુંટડા પાણી પીધું.

ઊંટગાડીવાળાના કાળજામાં કેટલાય સમયથી ફફડાટ અને અકળામણ ઘેરાઈ રહી હતી. લોકોનો ધિક્કાર અને ઘ્રુણા તેને સૌથી વધુ ખટકી રહ્યો હતો. ગામડીયો હોવાનો ટોણો તેના મનને કચવી રહ્યો હતો. તે હવે ધૈર્ય ખોઈ બેઠો અને ઊંટને વળગી પડ્યો.

આ શહેરના લોકો... ગમાર ગામડીયો કેવું કેવું કહે છે. એ સાંભળી સાંભળીને મારા તો કાન પાકી ગયા. શું ગામડાના લોકો માણસ નથી. તેમનામાં માનવતા ન હોય.

ઊંટગાડીવાળાની આંખમાં આંસુ જોઈ ઊંટે તેની ડોક તેના માલિકના ખભે રાખી દીધી.

સમજણ પરિપક્વ બને એ સત્સંગની પૂર્વશરત

ગુલમહોર
દિનેશ દેસાઈ

શ્રીજી મહારાજ કહે છે કે "સમજણ, સમજણમાં પણ ફેર હોય છે. આથી સમજણ અધિક રાખવી." આજે તો હવે ફ્રિજ અને મિનરલ વૉટર, ઍકવા વૉટરના જમાનામાં પાણિયારા અને માટલા જાણે કે ભૂતકાળની વાત બની ગઈ. પરંતુ જયારે ઘર માટે માટીનું માટલું લેવાનું હોય ત્યારે ખરીદનાર માટીના માટલાને ટકોરા મારી મારીને ચકાસી લે છે કે બરાબર છે કે નહીં. નાનામાં નાની ચીજવસ્તુ માટે આપણે ચકાસી લેવાનું ચુકતા નથી તો એવી જ સમજણ દરેક બાબતમાં પરિપક્વ બને એ જરુરી છે. સમજણ પરિપક્વ બને એ સત્સંગની પૂર્વશરત છે.

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે "કુસંગીના ફૅલમાં સત્સંગીના રોટલા." જે માણસ કુસંગી છે તે પોતાના ફૅલ એટલે કે વ્યસન, ટેવ-કુટેવ, ફૅલ-ફિતુર વગેરે પાછળ જે ખર્ચ કરતો હોય છે તેટલા જ ખર્ચમાં તો સત્સંગી વ્યક્તિના સમગ્ર ઘર-પરિવારના રોટલાનો ખર્ચ નીકળી જાય. અર્થાત્ કુસંગી વ્યક્તિના ખોટા ખર્ચાઓમાં સત્સંગી પરિવારનું પાલન-પોષણ થઈ શકે છે. એવો પણ અર્થ કરી શકાય કે જો કુસંગી વ્યક્તિ તેના ખોટા ખર્ચા અથવા વ્યસન બંધ કરે અને તેની પાછળ થતો ખર્ચ બચાવે તો ઘર-પરિવારનો પાલન-પોષણનો ખર્ચ આરામથી નીકળી જાય.

શ્રીજી મહારાજે વચનામૃત સાળંગપુરના ૧૦માં કહ્યું છે કે "એવા સાધુમાં ભગવાનના દર્શન છે." એવા સાધુ એટલે કેવા સાધુ? જે સાધુપુરુષ ભગવાનને ધારણ કરીને રહ્યા હોય એટલે કે અખંડપણે ભગવાનના નામ-સ્મરણમાં જ નિમગ્ન હોય. શ્રીજી મહારાજે કહ્યું છે કે "સત્સંગીના ગોળા (માટલા)નું પાણી પીવે તેનું પણ કલ્યાણ થશે." એટલે કે સત્સંગીના ઘરનું પાણી પણ જે વ્યક્તિ પીવે તે પણ પવિત્ર થઈ જશે અને મોક્ષનું દ્વાર પામશે. આમાં સત્સંગી હોવાનો મહિમા વ્યક્ત કર્યો છે.

ગુરુ-શિષ્ય વિશે એક સરસ મજાની ઉક્તિ છેઃ "લોભી ગુરુ, લાલચી ચેલા, દોનોંકા નરકમેં ઠેલમઠેલા..." ગુરુમાં જો ગુરુપણું ન હોય તો તેનો ચેલો પણ ગુરુના રસ્તે જ ચાલતો હોય છે. આથી જ સદગુરુનું મહત્વ છે. સારા ગુરુ મળવા એ પણ સૌભાગ્યની વાત છે. કહે છે કે પૂર્વ જન્મનાં પૂણ્ય તપ્યાં હોય ત્યારે સદગુરુની પ્રાપ્તિ થતી હોય છે. ગુરુ-શિષ્યની કક્ષા સમજાવતો એક રમુજી પ્રસંગ છે.

> ઘર માટે માટીનું માટલું લેવાનું હોય ત્યારે ખરીદનાર માટીના માટલાને ટકોરા મારી મારીને ચકાસી લે છે કે બરાબર છે કે નહીં, નાનામાં નાની ચીજવસ્તુ માટે આપણે ચકાસી લેવાનું ચુકતા નથી તો એવી જ સમજણ દરેક બાબતમાં પરિપક્વ બને એ જરુરી છે

એક દિવસ ગુરુ તેના શિષ્યને કહે છે કે "જરા કુટિરની બહાર જઈને તપાસ કરી આવ કે વરસાદ પડે છે કે બંધ થઈ ગયો?"

હાજરજવાબી શિષ્ય સેવાભાવનાથી જોજનો દૂર હતો. તેણે અવિવેક સાથે કહ્યું કે "ગુરુજી, એટલું જાણવા માટે કુટિરની બહાર જવાની જરુર નથી. આ બિલાડી બહારથી જ ભીતર આવી છે. તેને હાથ ફેરવી જુઓ એટલે તમને ખબર પડી જશે કે વરસાદ ચાલુ છે કે નહીં."

ગુરુજીએ થોડી વાર પછી શિષ્યને બીજું કામ સોંપ્યું અને કહ્યું કે "જરા ઉભો થઈને આ લાઈટ બંધ કરી દે."

શિષ્યએ બેફિકરાઈથી જવાબ આપ્યો કે "ગુરુજી, જો તમને પ્રકાશ નડતો હોય તો આંખો બંધ કરી દો ને. તમને આપોઆપ અંધારું જ જણાશે. એમાં લાઈટ બંધ કરવાની ક્યાં જરુર છે?"

હવે ગુરુજીએ ત્રીજું કામ સોંપતા શિષ્યને કહ્યું કે "જા, હવે ઉભો થઈને કુટિરનો દરવાજો તો બંધ કરી દે."

એ જ તોછડાઈથી શિષ્યએ પોતાના ગુરુજીને સુણાવી દીધું કે "ગુરુજી, તમે સોંપેલા પહેલા બે કામ તો મેં કરી આપ્યા. હવે કામ કરવાનો તમારો વારો. જાઓ, તમે ખુદ ઉભા થઈને દરવાજો બંધ કરવાનું એક કામ તો કરો."

આવા ગુરુ-ચેલાની જોડી હોય તો શું થાય? વાસ્તવમાં ગુરુની આજ્ઞા પાળનાર શિષ્યનું કલ્યાણ થતું હોય છે. જો કે શિષ્યએ ગુરુની પસંદગી પણ સાવધાનીપૂર્ણ કરવાની રહે છે. જે ગુરુ પવિત્ર હોય, નિયમ-ધર્મનું પાલન કરતા હોય, ધર્મ-ભક્તિના માર્ગે અવિચળ બનીને ચાલતા હોય તેવા સદગુરુ મળવા મુશ્કેલ છે. આપણે સર્જન પરથી સર્જનહારનો પાર પામી શકીએ.

તમે ભગવાનમાં માનો છો? સવાયા ગુજરાતી સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકર કહેતા કે "આપણે આંખની કીકીથી હિમાલયને તળેટીથી ટોચ સુધી સળંગ અને સમગ્ર જોઈ શકીએ છીએ. પરંતુ આપણી જ આંખમાં આંજેલી મૅશને જોઈ શકીએ છીએ? જવાબ છેઃ ના. કારણ કે આપણી જ આંખની ભીતર જોવા માટે દર્પણની જરુર પડે છે." અંતરદૃષ્ટિ કરવા સાધન અને સાધના જરુરી છે.

જસ્ટ ટ્વીટ :

"શબ્દોની સંગત દઉં છોડી મારા સ્વામી,
મને આપો એક અનહદનું સુખ."

- હરિન્દ્ર દવે

મેં કહ્યું હતું...!! કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના

Hello ફ્રેન્ડસ!
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

'પિંકી, લાલ ડ્રેસ પહેર, થોડું લીપગાર્ડ, આય લાઈનર અને લાઈટ કાજળ, નાની લાલ બિંદી, તારો વટ પડી જશે.' અને સાચ્ચે જ પિંકીનો કોન્ફરન્સમાં વટ પડી ગયો, એ એટલી તો રૂપાળી આકર્ષક લાગતી હતી કે કોન્ફરન્સ પત્યા બાદ ત્યાં ઉપસ્થિત વક્તા પ્રોફેસરે પિંકીનો શેક હૅન્ડ કરવા હાથ હાથમાં લીધો, અને બે હાથ વચ્ચે એની હથેળી દાબી રાખી, દસ મિનિટ વાત કરતા રહ્યા... મેં પિંકીને લાલ ડ્રેસની ના જ પાડી હતી, આકર્ષક કપડામાં કોઈ પણ લલચાઈ જાય.' પિંકી તો વારાફરતી બંને બહેનપણી સામું જોતી હતી, કોણ સાચું કોણ ખોટું? સાલું કેવી રીતે જીવવું.'

પિંકીને નાનપણમાં ભણવામાં આવેલી પેલી ગધેડાવાળી વાર્તા યાદ આવી ગઈ. બાપ-બેટો બંને ગધેડું લઈને જતા હતા. બંનેમાંથી બાપ ગધેડા પર બેસે તો લોકો કહે, 'કેવો બાપ છે ! જવાન પુત્ર ચાલે છે અને બાપ ગધેડા પર બેઠો છે.' છોકરો ગધેડા પર બેસે તો લોકો કહે, 'કેવો કપાતર દીકરો છે, બાપ ચાલે છે અને એ ઠાઠથી ગધેડા પર બેઠો છે.' બંને જો ચાલવા લાગે તો લોકો કહે, 'કેવા મૂરખાઓ છે ?' છતાં ગધેડે ચાલીને જાય છે.' પછી બંને ગધેડા પર બેસી જાય છે તો ફરી પાછા કહે છે.' કેવા દયા વગરના છે, બબ્બે જણા ગધેડા પર ચઢી બેઠા છે.' ઘરે જવા બસમાં બેઠેલી પિંકીને પછી તો 'સબ સે બડા રોગ કયા કહેંગે લોગ?' ની વાતો યાદ આવવા લાગી.

માણસ જો ગરીબ હોય તો લોકો કહેશે પૈસા કમાવવાની અક્કલ જ નહોતી, એટલે ચાર પૈસા કમાવી શક્યો નહીં. અને જો શ્રીમંત હશે તો કહેશે, બે નંબરી માલ હશે, બાકી પગારમાંથી આજકાલ કોઈ આટલો માલદાર થઈ શકે? પ્રામાણિકતાથી પૈસા ક્યાં મળે છે? અમે બાર-બાર કલાક પ્રાઈવેટ જોબમાં પરસેવો પાડીએ છીએ, થયાં શ્રીમંત ? જો પૈસા કમાવવા માટે મહેનત કરશે તો કહેશે, પૈસા પાછળ પાગલ થયો છે અને જો પૈસાને જીવનમાં મહત્ત્વ ના આપ્યું તો કહેશે, આના જીવનમાં મહત્ત્વાકાંક્ષા જ નથી!

ખાલી પૈસા જ કમાવશે અને ખર્ચશે નહીં તો કહેશે, સાવ કંજૂસ મારવાડી છે. અને જો પૈસા ખર્ચીને જલસા કરશે તો કહેશે, સાવ ઉડાઉ માણસ છે, બચતમાં સમજતાં જ નથી, ફટાકડાં પાછળ લગ્ન પાછળ આટલો ધૂમાડો કરાય ? સાદાઈથી લગ્ન કરશે તો કહેશે, લોકોનું ખાઈ લીધું અને પોતાનો વારો આવ્યો તો સાદાઈના પાઠ શીખવે છે. અને જો ધામધૂમથી લગ્ન કરશે તે બોલી ઊઠશે, દેખાડો કરે છે, પૈસાની ગરમી છે, આટલા રૂપિયા સેવામાં વાપર્યા હોત તો? પણ ના, સમાજમાં વટ પાડવો પડે ને ? ટૂંકમાં આવા લોકોને બંને બાજુનું દુઃખ હોય છે.

> હવામાં, શબ્દમાં, ઘરમાં, સમયમાં, લોહીમાં
> અનેક મોરચે ખેલી રહ્યા છો જંગ તમે,
> વેશ માણસનો તમે પ્હેર્યો છે આ નાટકમાં,
> કરો છો ભવ્ય અભિનયથી સૌને દંગ તમે!
> - રમેશ પારેખ

કોઈને વડિલોપાર્જિત સંપત્તિ મળે તો પણ આવા લોકોને સહન થતું નથી. જો છે ને વારસાઈ પર ટાંપીને બેઠો હતો, પોતે કંઈ કરવું જ નહીં, રેડીમેડ માલ પચાવી પાડ્યો, અને જો જાતે કમાવીને પ્રોપર્ટી બનાવે તો, બાપાનું મકાન નહોતું? તે નવું લીધું, બાપને બતાવવા માટે કે હું તમારા કરતાં શ્રેષ્ઠ છું, તમે મને પ્રોપર્ટી આપો કે ન આપો શું ફેર પડે? બચારો મહેનત કરીને પૈસા કમાવે તોય લોકો સંભળાવે રાખે, સવારથી રાત નોકરી-ધંધો, પોતાની જાત માટે સમય જ નથી. આવા પૈસાને શું ચાટવાના? બધું અહીં મુકીને જશે અને બાળકો જલસા કરશે. જેને કંઈ બોલવું છે, એને તમે અટકાવી જ ન શકો.

જો કોઈ ધાર્મિક હશે, નિયમિત મંદિર જતો હશે એનોય વારો પાડશે. સાવ ભગતડો છે, 'મનમેં નહીં ભાવ ઔર મૂંડી હલાવ' જેવો છે. ભગવાન ભરોસે કંઈ બધા કામ ન થાય, જાતે કરવું પડે એટલું ય સમજતો નથી. અને જો નાસ્તિક હશે તો, ભગવાન એકવાર ચમત્કાર બતાવશે ને એટલે રોજ સવાર-સાંજ મંદિરનો ઘંટ વગાડતો થઈ જશે. ભગવાન વગર કોઈનું પાંદડું ય હલ્યું છે, તો આની શું વિસાત, વાર-તહેવારો ભગવાનને મંદિરે માથું નમાવવામાં નુકશાન શું છે ?

કોઈ પુરુષ સ્ત્રી સાથે હળીમળીને વાત કરતો હશે તો કહેશે, લંપટ છે સાલો, સ્ત્રી જોઈ નથી કે લપસ્યો નથી અને જો સ્ત્રીની દૂર રહેશે તો કહેશે, બાયલો જ હશે, બાકી સ્ત્રીની દોસ્તી કોને ન ગમે ? બધી સામેથી આવે છે અને આ દૂર ભાગે છે. જો કોઈ છોકરી, છોકરા સાથે હસીને વાત કરશે તો કહેશે કે, ચાલુ લાગે છે, એક સાથે કેટલાંને ફેરવે છે, આટલું મોડર્ન પણ નહીં સારું અને જો છોકરાઓથી દૂર ભાગશે તો, શાણી સીતા જેવી છે. આ જમાનામાં આટલું બેકવર્ડ રહેવાય ? શેકહેન્ડ કરવાથી શું અભડાઈ જવાશે ?

આનંદી સ્વભાવનો હશે તો કહેશે, કોઈ વાતે ગંભીર જ નથી અને ગંભીર હશે તો કહેશે, આને હસવાની એલર્જી છે. કાયમ કોઈના બેસણામાં આવ્યા જેવો ચહેરો લઈને ફરે છે. જો તમે સફળ થયાં તો કહેશે, આણે મારું માન્યું એટલે જ સફળ થયો, મારી ટીપ્સના કારણે કરોડપતિ બની ગયો. અને જો નિષ્ફળ ગયો તો, મારું માન્યું જ નહીં. હવે ભોગવો તમારાં કર્મોના ફળ, બીજું શું ? લોકોનું શું? કંઈ પણ વાત હોય એમને કોમેન્ટ કરવામાં કાયં પૈસા પડે છે? હવે એ વાત ધ્યાને લેવી કે નહીં? એ તો જાતે જ નક્કી કરવું પડે.

બસનું લાસ્ટ સ્ટોપ આવતાં પિંકીને ઉતરવું પડ્યું. એ વિચારતી હતી હમણાં કોક કહેશે, પચાસ હજારનો પગાર છે પોતાની કાર છે તોય સરકારી ખખડધજ બસમાં લોકોની ખરાબ નજરનો ભોગ બનતી આવે છે, તો કોક એમ પણ કહેશે, આને જરાય પૈસાનું અભિમાન નથી, કેવી બસમાં આવે છે અને અમારી વહુ પાંચ હજારના પગારમાં એક્ટિવા લઈ રખડે છે. પિંકીએ ઘર સુધીનો નાનો રસ્તો ઓળંગવા કાને હેડફોન ભરાવ્યા અને ગીત વાગ્યું, 'કુછ તો લોગ કહેંગે, લોગોં કા કામ હૈ કહેના...'

ચૂંટલો :

જેને આંગળી ચિંધવી છે એમને ચિંધવા દો, આપણે શું કામ શરમાવવાનું ? આપણે શું કામ કરમાવવાનું? આપણે શું કામ ભયથી પીડાવાનું? લોકોને જે કહેવું હોય તે કહે. આપણે આપણું જીવન કેમ જીવવું નક્કી કરવાનું. જિંદગી બીજાના અભિપ્રાય સાથે કે વગર, રડતાં - રડતાં કે ગીત ગાતા ગાતાં જીવવીએ જાતે જ નક્કી કરવાનું!